### લાખોના 'ઈ-કાર્ટ' કે તંત્રના 'અહંકાર'નું પ્રદર્શન?

# સયાજી હોસ્પિટલ, સુવિધાના નામે 'શો-પીસ' અને દર્દીઓના નસીબે 'સ્ટ્રગલ'

**20 લાખના** 'ઈ-કાર્ટ' શોભાના ગાંઠિયા, વૃદ્ધ દર્દીના સ્વજનો જાતે સ્ટ્રેચર ખેંચવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા. તા.28

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ ફરી વિવાદોમાં આવી છે. 'સ્ટાફની અછત'નો રાગ આલાપતું તંત્ર આ વખતે પોતાની વહીવટી નિષ્ફળતા છુપાવવામાં નિષ્ફળ ગયું છે. આ માત્ર બેદરકારી નહીં, પરંતુ ગરીબ દર્દીઓની લાચારી સાથેનો ઉપહાસ છે.

હાલમાં જ એક્સેલોન અને યુનાઈટેડ વે ઓફ વડોદરા દ્વારા આશરે 20 લાખના ખર્ચે 4 આધુનિક ઈ-કાર્ટ હોસ્પિટલને અર્પણ કરાયા હતા. હેતુ એ હતો કે વિશાળ કેમ્પસમાં ગંભીર કે અશક્ત દર્દીઓને ટ્રોમા સેન્ટરથી એક્સ-રે, સોનોગ્રાફી અથવા અન્ય વિભાગોમાં સહેલાઈથી લઈ જઈ શકાય. પરંતુ લોકાર્પણ પછી આ ઈ-કાર્ટ ગાયબ સમાન બની ગયા છે. શું તે માત્ર દેખાવ માટે જ છે?

હોસ્પિટલ પરિસરમાં આજે હૃદયવિદારક દ્રશ્યો જોવા મળ્યા. એક વૃદ્ધ મહિલાને તેમના પરિવારજનોએ તડકામાં સ્ટ્રેચર ખેંચીને સોનોગ્રાફી રૂમ સુધી લઈ જવી પડી. બીજી તરફ લાખોની કિંમતના ઈ-કાર્ટ બિનઉપયોગી ઊભા રહ્યા હતા.

હોસ્પિટલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રંજન ઐયર વારંવાર 'સ્ટાફની અછત'નો જવાબ આપે છે, પરંતુ અહીં સમસ્યા સંચાલનની વધુ દેખાય છે. જો સ્ટાફ ન હોય, તો આવી સુવિધાઓ સ્વીકારવાનો અર્થ શું? શું ઈ-કાર્ટ ચલાવવા વિશેષ નિષ્ણાતોની જરૂર છે, કે પછી અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલની સ્થિતિની ખબર જ નથી?

હવે જરૂરી છે કે વહીવટી તંત્ર ઓફિસમાંથી બહાર આવી વાસ્તવિક પરિસ્થિતિ સમજે. ઈ-કાર્ટનો ઉપયોગ કોણ કરે છે અને તે ક્યાં છે તેની તપાસ થવી જોઈએ. જો દાનમાં મળેલી સુવિધાઓ પણ દર્દીઓ સુધી ન પહોંચે, તો તે વહીવટની નિષ્ફળતા જ ગણાય. દાતાઓ જ્યારે દર્દીઓ માટે સહાનુભૂતિ દર્શાવે છે, ત્યારે અધિકારીઓએ પણ જવાબદારી નિભાવવી જરૂરી છે.



### એન્ટ્રન્સ એક્ઝામને રદ કરવામાં નહિ આવેતો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી

# કોમર્સ ફેકલ્ટીની એન્ટ્રન્સ પરીક્ષા સામે NSUIનું 24 કલાકનું અલ્ટીમેટમ

**સોમવારે** તાળાબંધી સાથે વીસી અને ડીનનું પૂતળા દહન કરી વિરોધ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા પ્રવેશ માટે એન્ટ્રન્સ પરીક્ષા લેવાના નિર્ણય સામે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈએ કડક વિરોધ નોંધાવ્યો છે અને 24 કલાકમાં નિર્ણય પર પુનર્વિચાર કરવા રજૂઆત કરી છે, સાથે જો આ નિર્ણય પાછો ખેંચવામાં નહિ આવેતો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.



વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના ગુજરાત સેક્રેટરી સુઝાન લાડમેને જણાવ્યું હતું કે, યુનિવર્સીટીના ઈતિહાસમાં પહેલીવાર કોમર્સ ફેકલ્ટીની પ્રવેશ પ્રક્રિયા માટે લેવામાં આવી રહેલી એન્ટ્રન્સ એક્ઝામનો એનએસયુઆઈ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે કારણ કે, યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રો. પ્રજ્ઞેશ શાહ જે પ્રાઈવેટ કોચિંગ ક્લાસ કે પ્રાઈવેટ યુનિવર્સિટીઓના બની ગયા હોય તેમ અમને લાગે છે. કોમર્સ ફેકલ્ટીમાં અત્યાર સુધી કોઈ પણ એન્ટ્રન્સ એક્ઝામ પ્રવેશ પ્રક્રિયા માટે લેવામાં આવતી ન હતી, તો શું અમે એમને મોટો પ્રશ્ન એ કર્યો કે દસમા બારમાની બોર્ડની પરીક્ષા ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવે છે, એ માન્યા નથી, એનું રિઝલ્ટ માન્ય નથી, તો તમારા દ્વારા એન્ટ્રન્સ એક્ઝામ શું કરવા લેવામાં આવે છે. યુનિવર્સીટીના આ ખાનગીકરણ સામે વિદ્યાર્થીઓને બીજે મોકલવાની તજવીજ કોમર્સના ડીન દ્વારા કરવામાં આવી છે. આજે શાંતિપૂર્વક 24 કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, આ એન્ટ્રન્સ એક્ઝામને તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે. પરંતુ, કોમર્સના સત્તાધીશોનો વિદ્યાર્થીઓ પ્રત્યે કેવો વહેવાર છે એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જે દુર્વ્યવહાર અમારી સાથે કરવામાં આવ્યો એનો જવાબ સોમવારે વાઈસ ચાન્સેલર પાસે માંગવામાં આવશે અને તાત્કાલિક ધોરણે પ્રજ્ઞેશ શાહ જેવા હિટલરને કોમર્સ ફેકલ્ટીમાંથી ડીનના પદ પરથી રદ કરવામાં આવે એવી માંગ લઈને એનએસયુઆઈ સંગઠન હેડ ઓફીસ પર રજૂઆત કરશે.

# માણેજા ક્રોસિંગ પાસે ચાલુ એક્ટિવામાં ધુમાડો નીકળ્યા બાદ અચાનક આગ

**સ્થાનિકો** અને ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટી હોનારત ટળી

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલા માણેજા ક્રોસિંગ પાસે એક ચાલતી એક્ટિવામાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવને લઈ ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગ બુઝાવી હતી. ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

વડોદરાના માણેજા ક્રોસિંગ પાસેથી પસાર થઈ રહેલી એક એક્ટિવામાં અચાનક ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખું વાહન આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું હતું. માણેજા શ્રીજી હોસ્પિટલ નજીક બનેલી આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને રાહદારીઓમાં ફફડાટ ફેલાયો હતો. આગ લાગતા જ પ્રથમ આસપાસના સ્થાનિક રહીશોએ ફાયર એક્ટીન્ગ્યુસર વડે આગ પર કાબુ મેળવવા પ્રયાસ કર્યો હતો, જોકે, તુરંત જ ફાયર બ્રિગેડની ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ એટલી ઝડપી હતી કે ફાયર ટીમ પહોંચે તે પહેલા એક્ટિવા બળીને ખાખ થઈ ગઈ હતી. નોંધનીય છે કે, છેલ્લા થોડા દિવસોથી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. મકરપુરા અને માણેજા જેવા ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોમાં વાહનોમાં શોર્ટ સર્કિટ અથવા ઓવરહિટીંગને કારણે આગ લાગવાની ઘટનાઓ વધી રહી છે. ત્યારે, નિષ્ણાતોના મતે, ઉનાળામાં વાહનોનું મેઈન્ટેનન્સ ન હોવાને કારણે પેટ્રોલ પાઈપમાં લીકેજ કે વાયરિંગમાં ખામીને લીધે આવી ઘટનાઓ બને છે. એક્ટિવા ચાલક સમયસર વાહન પરથી ઉતરી જવામાં સફળ રહ્યો હતો. જેના કારણે એક મોટી જાનહાનિ ટળી હતી.

### નવલાખી વિસ્તાર અને આસપાસના રહીશો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ

# વડોદરામાં બુલેટ ટ્રેનની રફતાર માટે અકોટા બ્રિજ પર 'બ્રેક': 8 એપ્રિલ સુધી ચક્કાજામ!

**મેડિકલ** ઈમરજન્સી અને દૈનિક જરૂરિયાતો માટે ટુ-વ્હીલરને મંજૂરી આપવા વરિષ્ઠ નાગરિકોની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા શહેરમાં હાઈ સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરી હવે અકોટા બ્રિજ સુધી પહોંચતા, સુરક્ષાના ભાગરૂપે પ્રશાસન દ્વારા અકોટા બ્રિજને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આગામી 8 એપ્રિલ સુધી આ બ્રિજ બંધ રહેવાનો હોવાથી વાહનચાલકોને લાંબો ફેરો કરવાની નોબત આવી છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત અકોટા બ્રિજ પાસે ગર્ડર લોન્ચિંગનું મહત્વનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ભારે મશીનરી અને ઊંચાઈ પર ચાલતી કામગીરી દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે અને નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે મધરાતથી જ બેરીકેટ્સ લગાવીને બ્રિજને બ્લોક કરી દેવામાં આવ્યો છે.




બ્રિજ બંધ થવાને કારણે સૌથી વધુ હાલાકી ત્યાં વસતા સ્થાનિક પરિવારોને થઈ રહી છે. નવલાખી વિસ્તાર અને આસપાસના આશરે 15 થી 20 ઘરોમાં રહેતા 50 થી વધુ લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે.

સ્થાનિક રહીશો અને વડીલોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, "અમે વિકાસના કામમાં સહકાર આપવા તૈયાર છીએ, પરંતુ અમારા ઘર સુધી પહોંચવા માટે ટુ-વ્હીલર જઈ શકે તેટલો રસ્તો તો ખુલ્લો રાખવો જોઈએ. દૂધ, શાકભાજી કે મેડિકલ ઈમરજન્સીમાં અમારે ક્યાં જવું? પ્રશાસન અમારું આઈ-કાર્ડ ચેક કરીને પણ અમને અવરજવરની છૂટ આપે તેવી અમારી વિનંતી છે." આ વિસ્તારમાં રહેતા વૃદ્ધે જણાવ્યું કે, તેઓ બીમાર હોવા છતાં જરૂરી વસ્તુઓ લેવા માટે ચાલીને જઈ શકતા નથી. જો રસ્તો સંપૂર્ણ બંધ રહેશે તો જીવનજરૂરી ચીજો મેળવવામાં ભારે મુશ્કેલી પડશે. સ્થાનિકોની માંગ છે કે કામગીરી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે અથવા રહેવાસીઓ માટે કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવે. અત્યારે તો પોલીસ અને તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, પરંતુ આગામી દિવસોમાં આ ટ્રાફિક ડાયવર્ઝનને કારણે વડોદરાના અન્ય રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધવાની શક્યતા છે.

# રૂ. 300 કરોડ છેતરપિંડી કેસમાં માસ્ટર માઈન્ડ નયના મહીડાના જામીન નામંજૂર

**અનેક** લોકો સાથે લોનના બહાને છેતરપિંડી કરવામાં મહિલાની સંડોવણી

**સોલાર** પ્રોજેક્ટ માટે લોન અપાવવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા શહેરમાં કરોડો રૂપિયાની લોન અપાવવાના બહાને છેતરપિંડીના કેસમાં આરોપી નયનાબેન મહીડાને અદાલતમાંથી કોઈ રાહત મળી નથી. કોર્ટ દ્વારા તેમની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

વર્ષ 2021 દરમિયાન અક્ષરચોક સ્થિત એક ફાઈનાન્સિયલ સર્વિસ મારફતે નયના મહીડા અને તેના પુત્રએ વલસાડની એક કંપનીને રૂ. 300 કરોડની લોન અપાવવાની લાલચ આપી હતી. સોલાર પ્રોજેક્ટ અને ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ માટે લોન મંજૂર કરાવવાના બહાને આશરે રૂ. 22.50 લાખથી વધુ રકમ કમિશન તરીકે લેવામાં આવી હતી. જોકે, લોન મળી નહોતી અને રૂપિયા પરત ન મળતા પીડિતોએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલે દલીલ કરી હતી કે નયના મહીડા આ સમગ્ર કૌભાંડની મુખ્ય સૂત્રધાર છે અને તેના વિરુદ્ધ અગાઉ પણ સમાન પ્રકારની ત્રણ ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

કોર્ટે નોંધ્યું હતું કે માત્ર ચાર્જશીટ દાખલ થવાથી જામીન આપવા માટે પૂરતા આધાર ઉભા થતા નથી. સાથે જ, સહ-આરોપી હજી ફરાર હોવાને કારણે પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા પણ નકારી શકાય નહીં. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કોર્ટ દ્વારા નયના મહીડાની જામીન અરજી ફગાવી દેવામાં આવી છે અને તેને જેલમાં જ રાખવાનો આદેશ કર્યો છે.

### મુખ્ય માર્ગો પર ઉભરાતા ડ્રેનેજના પાણીથી રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ

# સફાઈ અભિયાનના દાવા વચ્ચે 'સ્ટેશન ગરનાળા' પાસે ઊભરાતી ડ્રેનેજ, તંત્રની પોલ ખુલી

**એક તરફ** વોર્ડ દીઠ સફાઈના ફોટા પડાવતું કોર્પોરેશન, બીજી તરફ ઉભરાતી ડ્રેનેજ સામે આંખ આડા કાન

(પ્રતિનિધિ) વડોદરા. તા.28

એક તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વોર્ડ અને વિસ્તારોમાં 'સ્વચ્છતા અભિયાન' ચલાવીને શહેરને ચકાચક કરવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરના સ્ટેશન વિસ્તારમાં જ પાલિકાની કામગીરીની પોલ ખુલી ગઈ છે. સ્ટેશન ગરનાળા પાસે છેલ્લા કેટલાક સમયથી ડ્રેનેજ લાઈનો ઉભરાઈ રહી છે, જેના કારણે મુખ્ય માર્ગો પર ગંદા પાણી ફરી વળ્યા છે. સ્ટેશન ગરનાળા એ શહેરનો સૌથી વ્યસ્ત વિસ્તાર છે, જ્યાંથી



રોજના હજારો વાહનચાલકો અને રાહદારીઓ પસાર થાય છે. ડ્રેનેજના ઉભરાતા ગંદા પાણીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. ગંદુ પાણી રસ્તા પર જમા થવાને કારણે રાહદારીઓને ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી છે, તેમજ વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. નાગરિકોમાં ચર્ચા છે કે પાલિકા એક બાજુ ફોટા પડાવવા માટે સફાઈ અભિયાનના નાટકો કરી રહી છે અને બીજી બાજુ જનતાની પાયાની જરૂરિયાત એવી ડ્રેનેજ લાઈનની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ નીવડી છે. સ્ટેશન જેવા મહત્વના વિસ્તારમાં જો આ હાલત હોય, તો અંતરિયાળ વિસ્તારોની સ્થિતિ કેવી હશે તે કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ઉનાળાની શરૂઆત અને વધતા તાપમાન વચ્ચે આ પ્રકારે ખુલ્લામાં વહેતું ગંદુ પાણી મચ્છરો અને જીવાતનું ઉદ્ભવ સ્થાન બની ગયું છે. જો સત્વરે આ સમસ્યાનો નિકાલ કરવામાં નહીં આવે, તો આસપાસના વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે. વડોદરાની જનતા હવે સવાલ કરી રહી છે કે શું મહાનગરપાલિકા માત્ર કાગળ પર જ સ્વચ્છતાના પાઠ ભણાવશે કે પછી વાસ્તવિક ગંદકી દૂર કરવા માટે કોઈ નક્કર પગલાં ભરશે ?

## શહેર પોર GIDCમાં આવેલી વાઈટલ કાસ્ટ કંપનીની મશીનરીમાં આગ ભભૂકી

**કરજણ** ફાયર ફાઈટરોની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેર નજીક પોર જીઆઈડીસીમાં આવેલી વાઈટલ કાસ્ટ કંપનીમાં આવેલી મશીનરીમાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી. બનાવની જાણ કરવામાં આવતા કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવવામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે, શહેર નજીક પોર જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર પોર જીઆઈડીસીમાં આવેલી વાઈટલ કાસ્ટ કંપનીની મશીનરીમા વહેલી સવારે આશરે 4:15 વાગ્યાના અરસામાં કોઇ અગમ્ય કારણોસર આગ લાગતા અફરાતફરી સાથે દોડધામ મચી જવા પામી હતી. આગના પગલે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચડતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ઘટનાની જાણ કરજણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. લાગેલી આગમાં કેટલું નુકસાન થયું તે જાણવા મળ્યું નથી. આગ ક્યા કારણોસર લાગી તે રહસ્ય અકબંધ રહેવા પામ્યું હતું. આ કંપનીમાં કાટ પ્રતિરોધક, એલોય સ્ટીલ, એસ.જી. આયર્ન, ની-રેઝિસ્ટ, ની-હાર્ડ, ફેરસ અને નોન-ફેરસ કાસ્ટિંગ, સાદા કાર્બન સ્ટીલ એમ.એસ, લો એલોય સ્ટીલ, મેંગેનીઝ સ્ટીલનું ઉત્પાદન કરવામાં આવે છે. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ ન સર્જાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# પાલિકાની બેદરકારી,યોગ્ય પુરાણ નહિ કરાતા ઈંટો ભરેલી ટ્રક ખાડામાં ફસાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં વાઘોડિયા રોડ ઉપર પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ થયા બાદ તેની મરામતની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ, આ કામગીરીમાં યોગ્ય પુરાણ કરવામાં નહીં આવતા આ માર્ગ ઉપરથી પસાર થઈ રહેલી ઈંટો ભરેલી ટ્રકના ટાયર ખાડામાં ફસાઈ ગયા હતા. જેના કારણે ટ્રક એક બાજુ નમી ગઈ હતી. સ્માર્ટ સિટી વડોદરા શહેરમાં વધુ એક વખત પાલિકાની અણગઢ કામગીરીનો ઉત્તમ નમૂનો જોવા મળ્યો છે. કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે ટ્રક ખાડામાં ફસાઈ ગઈ હોવાની ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વાઘોડીયા રોડ પર પાણી પુરવઠાની મેઈનલાઈન બે મહિનાથી લીકેજ હતી, તેનુ રીપેરીંગ કામ નાગરિકો દ્વારા જાણ કરાયા બાદ થોડા દિવસ પહેલા કરવામા આવ્યુ હતુ. પરંતુ પાણી પુરવઠાના અધિકારીઓ અને ઈજારદારની કહેવા પુરતી કામગીરીથી આજે ઈંટો ભરેલી ટ્રક ત્યાથી પસાર થતા ટ્રકના પાછલા પૈડા પુરાણ કરેલા ખાડામા ફસાઈ ગયા હતા. સદભાગ્યે ટ્રક પલટી ન હતી અને કોઈ જાનહાની થઈ નથી. પરંતુ, ટ્રક એક બાજુ નમી ગઈ અને ટ્રકને ખાડામાથી બહાર કાઢવા માટે ટ્રકમાં ભરેલી ઈંટોને ટ્રેક્ટરમા ભરીને ખાલી કરાયા બાદ ટ્રક બહાર નીકળી શકી હતી. ત્યારે, ફરી એક વખત પાલિકાના કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા.

DGVCL
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
HT વીજ જોડાણ (૧૫૦ કિ.વો. થી વધારે) અંગેની સેવાઓ માટે
The HT Connection Gateway: " Call & Apply "
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ " આપના દ્વારે "
એચ.ટી.(ભારે વીજ દબાણ ધરાવતા) અરજદારો/ગ્રાહકોને નવા વીજ જોડાણ, હયાત જોડાણના લોડમાં વધારો/ઘટાડો અને નામફેર જેવી સુવિધાઓ પુરી પાડવા, અમારા પ્રતિનિધિ આપનો સંપર્ક કરશે તથા પ્રાથમિક સર્વે સહિત અરજી કરવા માટેની જરૂરી તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી આપશે.
ઓક્ટોબર ૨૦૨૩માં આ સુવિધા શરૂ કર્યાથી માર્ચ ૨૦૨૬ સુધીમાં કુલ ૨૪૭૫ HT કેટેગરીના અરજદારો/ ગ્રાહકોએ આ સુવિધાનો લાભ લીધો છે. જેમાંથી ૧૫૦૭ અરજદારો/ ગ્રાહકોના કાર્યસ્થળ કે વીજ જોડાણ લેવાની જગ્યાએ અમારા પ્રતિનિધિ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને વીજ સેવા પૂરી પાડવામાં આવી છે.
Visit Request for HT Connection
www.dgvcl.com અથવા www.guvnl.com પર " Visit Request For HT Connetion " પર Click કરો. આપનું નામ, સરનામું તથા મોબાઈલ નંબરની વિગત એન્ટ્રી કરો.
આ માહિતીના આધારે અમારા પ્રતિનિધિ આપને ૬૩૫૭૦ ૮૦૬૯૪ નંબર પરથી સંપર્ક કરશે.
Get A Phone Call From DGVCL
Application Registration
અરજી નોંધણી તથા સંલગ્ન દસ્તાવેજી પુરાવા અંગે અમારા પ્રતિનિધિ આપને સહાય કરશે.
આપના સ્થળની અમારા પ્રતિનિધિ દ્વારા રૂબરૂ મુલાકાત લેવામાં આવશે અને સંબધિત તમામ પ્રક્રિયા પૂર્ણ કરશે.
Document Collection & Survey
૨૪ x ૭ ફરિયાદ નિવારણ માટે ટોલ ફ્રી નં. : ૧૯૧૨૩ / ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩


### મકરપુરા સ્થિત 'સાઈ રામ ટાટા મોટર્સ' સામે ગ્રાહકનો રોષ,

# ટાટા મોટર્સના સર્વિસ સેન્ટરની ઘોર બેદરકારી નવી નેક્સન સર્વિસમાં આપ્યા બાદ પણ ક્ષતિગ્રસ્ત

**"પહેલાથી** જ નુકસાન હતું" કહી સર્વિસ સેન્ટરે હાથ ઊંચા કરી દીધા

(પ્રતિનિધિ) વડોદરા. તા.28

શહેરના અટલાદરા વિસ્તારમાં રહેતા એક યુવક માટે નવી કાર ખરીદવાનો આનંદ ગણતરીના દિવસોમાં જ શોકમાં ફેરવાઈ ગયો છે. મકરપુરા સ્થિત ટાટા મોટર્સના 'સાઈ રામ' સર્વિસ સેન્ટરની કથિત બેદરકારીને કારણે નવી નક્કોર ટાટા નેક્સન કાર ક્ષતિગ્રસ્ત થતા ગ્રાહકે આર્થિક અને માનસિક યાતના ભોગવવી પડી રહી છે. આ મામલે ગ્રાહકે ન્યાય માટે પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. અટલાદરામાં રહેતા જીલ પટેલે ગત 15 ફેબ્રુઆરીએ શિવરાત્રીના પવિત્ર દિવસે મોટી આશા સાથે 'ટાટા નેક્સન પ્યોર પ્લસ CNG' કાર ખરીદી હતી. ગાડીની પહેલી સર્વિસ માટે 18 તારીખે મકરપુરા સ્થિત સાઈ રામ ટાટા સર્વિસ સેન્ટર પરથી



ફોન આવ્યો હતો. જે બાદ 20 તારીખે સર્વિસ સેન્ટરના કર્મચારીઓ ઘરેથી ગાડી લઈ ગયા હતા. જોકે, જ્યારે જીલ પટેલ પોતાની ગાડી પાછી લેવા પહોંચ્યા ત્યારે દ્રશ્યો જોઈને તેમના હોશ ઉડી ગયા હતા. ગ્રાહકના જણાવ્યા અનુસાર, જ્યારે તેઓ ગાડી લેવા ગયા ત્યારે ગાડીનો કાચ તૂટેલી હાલતમાં હતો અને વ્હીલની પ્લેટો પર પણ ગંભીર ઘસરકા જોવા મળ્યા હતા. લાખો રૂપિયા ખર્ચીને લીધેલી નવી ગાડીની આવી હાલત જોઈને ગ્રાહકે તાત્કાલિક મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરી હતી. સામાન્ય રીતે સર્વિસ સેન્ટર પોતાની ભૂલ સ્વીકારીને રિપેર કરી આપવાની ખાતરી આપતું હોય છે, પરંતુ અહીં કિસ્સો ઉલટો જોવા મળ્યો. જીલ પટેલનો આક્ષેપ છે કે સર્વિસ સેન્ટરના સત્તાધીશોએ પોતાની ભૂલ સુધારવાને બદલે એવો લૂલો બચાવ કર્યો હતો કે "આ નુકસાન તો પહેલાથી જ હતું." ગાડી જ્યારે સર્વિસમાં ગઈ ત્યારે સંપૂર્ણ કન્ડિશનમાં હતી, તેવા પુરાવા હોવા છતાં સર્વિસ સેન્ટરની આડોડાઈ ચાલુ રહી હતી. સર્વિસ સેન્ટરના સત્તાધીશો દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતા અંતે જીલ પટેલે અટલાદરા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે. તેમણે માંગ કરી છે કે બેદરકાર સર્વિસ સેન્ટર સામે કાર્યવાહી કરવામાં આવે અને તેમની ગાડીને મૂળ સ્થિતિમાં રિપેર કરી આપવામાં આવે. આ ઘટના બાદ વડોદરામાં ટાટા મોટર્સના સર્વિસ નેટવર્ક અને ગ્રાહક સુરક્ષા સામે અનેક સવાલો ઉભા થયા છે. શું કંપની આ બાબતે કોઈ કડક પગલાં લેશે કે પછી ગ્રાહકે આમ જ હેરાન થવું પડશે ? તે જોવાનું રહ્યું.